# શહેરની શાળાઓમાં ગુરૂપૂર્ણિમાની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧૨

શહેરની શાળાઓમાં ગુરૂપૂર્ણિમાની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અષાઢ સુદ પૂનમને સમગ્ર દેશમાં ગુરૂપૂર્ણિમા મનાવવામાં આવે છે. આજના દિવસને લઈને મંદિરોમાં ધર્મગુરૂઓ પાસે આશીર્વાદ મેળવવા શિષ્યો જાય છે.

શહેરની શાળાઓમાં પણ ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. અને ઉજવણી કરવામાં આવી હતી. સેક્ટર-૨૩માં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે મહર્ષિ વાલ્મીકી, સ્વામી દયાનંદ સરસ્વતી, મહર્ષિ વેદ વ્યાસ, ચાણક્યના જીવન પર લેખ લખવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ ત્રણ વિદ્યાર્થીને પસંદ કરવામાં આવ્યા હતા.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ દરેક વર્ગ શિક્ષકને પુષ્પગુચ્છ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. કુ. મલેકસમા, કુ. જાન્હવી જયસ્વાલ અને મોહિત ખાનચંદાનીએ ગુરૂ મહિમા વર્ણવ્યો હતો. શિક્ષિકા સ્વાતિબેન દવેએ ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. ગુરૂપૂર્ણિમા નિમિત્તે શિક્ષકગણે શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી સુખી રહે અને તેની મનોકામના પૂર્ણ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ ડૉ. પ્રદીપ ગગલાણીએ વિદ્યાર્થીઓમાં રહેલા સંસ્કારોની પ્રશંસા કરી શુભકામનાઓ પાઠવી હતી.

કુડાસણમાં આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં દર વર્ષની જેમ આજે પણ ધામધૂમપૂર્વક ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગરૂપૂર્ણિમા - પૂર્ણ ગરિમા નામાભિધામ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં વિદ્યાર્થીઓએ શ્લોકગાન કર્યું હતું. શાળાના તમામ ગુરૂજીઓને કંકુ તિલક કરી પુષ્પગુચ્છ આપી વંદન કર્યું હતું.

શાળાના ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ કૃષ્ણ-સુદામા, કૃષ્ણ-અર્જુન, શિવ-નંદી જેવા ગુરૂ શિષ્યના મધુર સબંધોની ઝાંખી કરાવતી કૃતીઓ રજૂ કરી હતી. તેમજ વિદ્યાર્થીઓએ પ્રાચીન ગુરૂ મૂલ્યોનું અર્વાચીન ધારામાં વહેણ શિર્ષક પર વક્તવ્ય આપ્યું હતું. આચાર્ય અશોકભાઈ વ્યાસે ગુરૂ-શિષ્યના સંબંધો વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંકલન શિક્ષિકા શિલ્પા પંડ્યા અને મૌસમ રાઠોડે કર્યું હતું તેમજ સંચાલન પ્રકાશભાઈ પટેલ અને ભાગવત પટેલે કર્યું હતું.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, સ્કૂલ ઓફ એચિવર અને અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ઉજવણી કરવામાં આવી હતી.

ગુરૂપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. ગુરૂનું પૂજન કરવું એ ભારતીય પરંપરા છે. ત્યારે







ગાંધીનગર રેડક્રોસની નવી ઓફિસનો શુભારંભ ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે સેક્ટર-૧૧ હોટલ પ્રેસિડેન્ડના ભોંયતળીયે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. પ્રદીપ ગગલાણી અને શ્રીમતી હીનાબેન ગગલાણીના હસ્તે રીબન કાપી કાર્યાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાગરિકો અને રેડક્રોસના પરિવારજનો હાજર રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# પાણીની નીક બનાવવાની નજીવી બાબતે અડાલજમાં ધમાલ

## દુકાનદાર પર અડાલજના જ ચાર તત્ત્વોએ હુમલો કર્યો : દુકાનમાં તોડફોડ કરીને અઢી તોલાની સોનાની ચેઇન પણ લૂંટી ગયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક આવેલા અડાલજ બાલાપીર વિસ્તાર પાસેના એક પાન પાર્લરની બાજુમાં પાણીની નીક બનાવવાની બાબતે કેટલાક અસામાજિક તત્વોએ માથાકૂટ કરીને દુકાનમાં તોડફોડ કરી મૂકી હતી. દુકાનદારને ઢોર માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ચાર શખ્સોએ આશરે દોઢ તોલા વજનનો સોનાનો કિંમતી દોરો પણ લુંટી લીધો હતો. ઘાયલ દુકાનદારે હોસ્પિટલમાં સારવાર લઈને ચારેય તત્વો સામે ફરિયાદ આપતા અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ચાંદખેડા જનતાનગર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ રાયચંદભાઈ પટેલ અડાલજના બાલાપીર ચોકડી પાસે પાન પાર્લર ચલાવે છે. તેમના પાન પાર્લરની બાજુમાં જ અડાલજનો રહેવાસી રામાજી ઠાકોર અને તેના અન્ય ત્રણ મિત્રો પાણીની નીક બનાવી રહ્યા હતા. નીક નડતરરૂપ બને તેવી સ્થિતિ હોવાથી નીક બનાવવાની પાર્લર માલિક સુરેશભાઈએ મનાઈ કરતા રામાજી અને તેના મિત્રોએ મળીને પાર્લરના ફર્નીચરમા તોડફોડ મચાવી મૂકી હતી. સુરેશભાઈને ચારેય જણે મળીને ગડદા પાટુંનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે ઉપરાંત મારઝૂડ કરીને સુરેશભાઈએ પહેરેલો આશરે અઢી તોલા વજનનો સોનાનો દોરો પણ લુંટી લઈ ચારેય તત્વો ફરાર થઈ ગયા હતા. આ બનાવ બાદ ઘાયલ દુકાનદારે હોસ્પિટલ જઈને સારવાર કરાવ્યા બાદ ફરિયાદ આપતા અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ બી.કે.વાઘેલાએ ચારેય સામે લુંટ, મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી તથા દુકાનમાં તોડફોડ સંદર્ભે ગુનો દાખલ કરી આરોપીઓને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

# નભોઈ નર્મદા કેનાલમાં ઝંપલાવી ૩૦ વર્ષીય યુવાનનો આપઘાત

## અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા યુવાનના આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક નભોઈ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિક્યુરિટી ગાર્ડને આજે સવારના અરસામાં કેનાલના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા તેને ઈન્ફોસિટી પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃતકની ઓળખ માટે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું કે આ યુવાન અમદાવાદ ઓઢવ વિસ્તારનો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના નભોઈ નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરિટી ગાર્ડે આ મૃતદેહ અંગે પોલીસને જાણ કરતા ઈન્ફોસિટી પોલીસ મથકની ટીમ કેનાલ પાસે પહોંચી ગઈ હતી. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા આ મૃતદેહ અમદાવાદના ઓઢવ વિસ્તારના ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય યુવાન લાલભાઈ બાબુભાઈ વણઝારાનો હોવાનું બહાર આવ્યું છે. યુવાને કરેલા આપઘાતનું કારણ હજુ બહાર આવ્યું નથી. ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# આજે વાવોલમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ તેમજ રક્તદાન શિબિર યોજાશે

## યુવાનોને રક્તદાન શિબિરમાં જોડાવા અપીલ કરાઈ

વાવોલ, તા. ૧૨

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં આવેલ શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે તા. ૧૩મી જુલાઈ રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન મેડીકલ ચેકઅપ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ શાલીન-૪ ના મિત્રોના સહયોગથી યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા યોજવામાં આવ્યો છે.

આ સર્વરોગ નિદાન કેમ્પમાં વિવિધ ડોકટર્સ જેવા કે ફિઝીયોથેરાપીસ્ટ, ડેન્ટલ સર્જન, આઈ સ્પેશ્યાલીસ્ટ, ઓર્થોપેડીક અને આયુર્વેદિક નિષ્ણાંતો વગેરે ઉપસ્થિત રહી દર્દીઓનું નિઃશુલ્ક રોગ નિદાન કરશે. આ માટે ડૉ. હાર્દિક તલાટી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. મેશ્વા પટેલ, ડૉય દુષ્યંત મોદી, ડૉ. જૈનેશ મોદી, ડૉ. કિંજલ પટેલ, ડૉ. જીજ્ઞેશ પટેલ, ડૉ. રાજેન્દ્ર વસૈયા, ડૉ. બિમલ મોદી તેમજ તેજ આઈ ક્લિનીકના નિષ્ણાંતો તેમની સેવાઓ આપશે. આ કેમ્પમાં બી.પી. તેમજ બી.એમ.આઈ. ચેકઅપ પણ કરી આપવામાં આવશે. આ ઉપરાંત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન શિબિર પણ અહીં યોજાશે. જેમાં વાવોલના યુવાનોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરાઈ છે.

## આજે સંસ્કાર ગૃપ વરૂણદેવને મનાવવા પ્રાર્થના કરશે

સમગ્ર રાજયમાં વરસાદનું ટીપુંય પડતું નથી. ત્યારે વરૂણદેવને મનાવવા સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ પૂજા અર્ચના કરશે. નગરની ધરતી પર મેઘરાજા મહેરબાન થાય અને જનતાને હાશકારો મળે તે માટે આજ રોજ રવિવાર સવારે ૬.૧૫થી ૭.૧૫ કલાકે સેકટર-૭ બગીચામાં પ્રાર્થના પૂજા અર્ચના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરના નાગરિકોને જોડાવા અપીલ કરવામાં આવી છે.



**ગુરૂપૂર્ણિમાએ ડભોડીયા હનુમાનદાદાના દર્શને માનવ મહેરામણ ઉમટ્યો**

આજે ગુરૂપૂર્ણિમા અને શનિવારનું અદ્‌ભૂત સંયોજન થયું હોવાથી ડભોડાના સુપ્રસિદ્ધ ડભોડીયા હનુમાનજીના દર્શને અંદાજે દોઢ લાખ ભાવિક ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટી પડ્યું હતું. એક ભક્તે હનુમાનજીના ચરણોમાં નવગ્રહ જડિત ચાંદીનો અંદાજે રૂપિયા દોઢ લાખની કિંમતનો મુગટ ભેટ ધર્યો હતો. (નટુભાઈ પટેલ, ચિલોડા)

# પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૫માં વેશભૂષા, કેશ ગુંથણ અને મહેંદી સ્પર્ધા યોજાઈ

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરમાં અનેક મંડળો, સેવાભાવી સંસ્થાઓ દ્વારા વાર તહેવારે કાર્યક્રમો યોજવામાં આવે છે. તહેવારને અનુલક્ષીને પ્રોત્સાહન આપવામાં આવે છે. ત્યારે જ્યોતિ મહિલા મંડળ દ્વારા પણ આવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રેરણા વિદ્યાલયમાં ગૌરીવ્રત કરતી બાળાઓ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

ગાંધીનગરમાં મહિલાઓ માટે કાર્યરત જ્યોતિ મહિલા મંડળે સેકટર-૫ માં આવેલ પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓ માટે મહેંદી, કેશ ગુંથણ, વેશભૂષા જેવી સ્પર્ધાના પ્રારંભે જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ દ્વારા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત હિતૈષીબેન બટ્ટ, અરૂણાબેન ગજ્જર, મીનાબેન ઓઝા તેમજ નિર્ણાયક તરીકે ઉપસ્થિત આશાબેન સરવૈયા અને રક્ષિતાબેન ઉપાધ્યાયનો પરિચય આપી શબ્દોથી સ્વાગત કર્યું હતું.

મંડળ દ્વારા બે વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. માધ્યમિક વિભાગ માટે મહેંદી અને કેશગુંથન સ્પર્ધા તેમજ પ્રાથમિક વિભાગ માટે મહેંદી અને વેશભુષા સ્પર્ધા યોજવામાં આવી હતી. ઉત્સાહપૂર્વક શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ અલગ-અલગ વેશ ધારણ કર્યા હતા. તેમજ હાથ ઉપર અવનવી ડિઝાઈનની મહેંદી મુકી હતી.

પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધામાં સુથાર, સિઝાન અને આયશા માછલીયા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે આવ્યા હતા. વેશભુષામાં અર્ચના રાજપૂત, કિંજલ ભરવાડ અને ઝીલ રાવલે નંબર મેળવ્યો હતો. માધ્યમિક વિભાગ મહેંદી સ્પર્ધામાં હિરલબા રાઠોડ, રિશ્મી સોલંકી, હેમાંગી ડાભી, કેસ ગુંથણ સ્પર્ધામાં અંજલી કોળી, રશ્મિ સોલંકી અને પાર્વતી ઠાકોર અગ્ર ક્રમે આવ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીનીઓને રક્ષિતાબેન ઉપાધ્યાયના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ ભાગ લીધેલ વિદ્યાર્થીઓને કોકીલાબેન ત્રિવેદીએ ફ્રૂટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પ્રેરણા વિદ્યાલયના નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ બિહોલા, આચાર્યા સ્વાતીબા રાઓલે મંડળની કામગીરીને બિરદાવી આભાર માન્યો હતો.



બલરામ મંદિર પરિસર ખાતે શનિવારે એક રક્તદાન શિબિરનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર તેમજ આર્ટ ઓફ લીવીંગ દ્વારા કરવામાં આવ્યું. જેમાં ૫૫ બોટલ રક્ત એકત્ર થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪

સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૯.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૭૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
બોલીવુડ વીલા : ૧૨.૩૦
બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦
દ્રુષ્યમ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦
બોબી જાસૂસ : ૬.૩૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫

: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫

: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ.પરમાર મુળીબેન શંકરભાઈ (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૮૨/૨, સેક્ટર-૧૪, ગાંધીનગર.